આકાશવાણી, અમદાવાદ

02-07-2025 Midday: 2.30 to 2.35 pm

Wednesday Regional News

## BAGLESS DAY

રાજ્યની પ્રાથમિક શાળાઓમાં દર શનિવારે બેગલેસ ડે અમલી થશે. શિક્ષણ વિભાગનાં નિર્ણયને પગલે હવેથી શનિવારે વિદ્યાર્થીઓને શાળામાં બેગ લઈ જવામાંથી મુક્તિ મળશે. આ ઉપરાંત, દર શનિવારે બેગલેસ ડે અંતર્ગત શાળામાં વિવિધ પ્રવૃત્તિઓ કરાવવામાં આવશે. એકમ કસોટી સંદર્ભે કમિટીના નિર્ણય સુધી બેગલેસ ડે અમલી બનશે.

જૂલાઈ માસથી જ દર શનિવારે બેગલેસ ડે અમલી બનશે. શિક્ષણ વિભાગ દ્વારા આનંદદાયી શનિવાર પર અમલ કરવા સૂચના આપવામાં આવી છે. વિવિધ પ્રવૃત્તિઓની વિગતો સાથે પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત, શાળામાં શારિરીક કસરતો, યોગ, બાળસભાનું આયોજન કરવા સૂચના આપવામાં આવી છે.

. . . . . . . . . .

## CABINET MEET

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે રાજ્ય મંત્રીમંડળની બેઠક યોજાઈ. બેઠકમાં વરસાદની સ્થિતિની સમીક્ષા કરવામાં આવી. જેમાં અત્યારસુધી થયેલા રાહત અને બચાવકાર્ય માનવ મૃત્યુ, જળાશયોની સ્થિતિ અંગે ચર્ચા કરવામાં આવી. આ ઉપરાંત બેઠકમાં કૃષિ વિભાગ દ્વારા વાવેતર સહિતની વિગતો રજૂ કરવામાં આવી. બેઠક દરમિયાન શાળા પ્રવેશોત્સવની વિગતો પણ રજૂ કરવામાં આવી. આ સિવાય રાજ્ય સરકારના આગામી આયોજનો અને નીતિગત વિષયો પર પણ સમીક્ષા કરવામાં આવી.

. . . . . . . . . .

## SURAT TAPI POOJAA

આજે અષાઢ સુદ સાતમે તાપી માતાનો પ્રાગટ્ય દિવસ છે. સુરતના કુરુક્ષેત્ર ધામ સૂર્યોદય ઘાટ પર મા તાપીના પ્રાગટ્ય દિવસની ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે તાપી માતાને એક હજાર 300 મીટરની ચૂંદડી અર્પણ કરવામાં આવી હોવાનું મહાનગરના કોર્પોરેટર કૃણાલ શેલતે જણાવ્યું હતું.

. . . . . . . . . .

## SURENDRANAGAR PRAKRUTIK KHETI

સુરેન્દ્રનગરમાં ધ્રાંગધ્રા તાલુકાના દુદાપુર ગામના ખેડૂત ઈઝરાયેલ બારાહી ખારેકનું વાવેતર કરીને સારી આવક મેળવી રહ્યા છે. તેઓ આ ખારેકનું રાજ્યના અન્ય જિલ્લા તેમજ બેંગલોર, ચેન્નઈ, હૈદરાબાદ, મુંબઈ, કોલકાતા જેવા શહેરમાં વેચાણ કરે છે.

આ અંગે ખેડૂત સુભાષ પટેલે વધુ માહિતી આપી.

.......................................

## MEHSANA ACCIDENT

મહેસાણા જિલ્લાના કડી તાલુકાના કરણનગર માર્ગ પર અકસ્માતની ઘટનામાં બે લોકોના મોત થયા છે. અમારા પ્રતિનિધિ જયંતી ચૌધરી જણાવે છે કે બાઈક પર જઈ રહેલા બે યુવકોને માર્ગ પર બેઠેલા પશુ સાથે બાઈક અથડાતાં મોત થયું હતું.

. . . . . . . . . .

## SWAGAT KARARYKRAM

પંચમહાલ જિલ્લામાં 24 જુલાઈ અને હાલોલ તાલુકામાં 23 જુલાઈએ જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે. જિલ્લાના નાગરિકો-અરજદારોને તેઓના સેવાકીય, કોર્ટ મેટર, રહેમરાહે નોકરી, પેન્શન સિવાયના પ્રશ્ન લેખિતમાં દસ જુલાઈ સુધીમાં સબંધિત કચેરીમાં રૂબરૂ અથવા ટપાલ દ્વારા અરજી મારફતે મોકલી આપવાના રહેશે.

.......................................

## DAMAN LEGAL SEMINAR

કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં કાનૂની સેવા સત્તા મંડળ અને દમણ એડવોકેટ બાર એસોસિયેશન દ્વારા કાયદાકીય જાગૃતતા કાર્યક્રમ યોજાયો. જેનો શુભારંભ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ પ્રણિતા ભરસાંકડે વાઘે કરાવ્યો. કાર્યક્રમમાં એડવોકેટ દ્વારા બાળકોના અધિકાર, બેટી બચાવો બેટી પઢાવો, પોકસો એક્ટ સહિતની માહિતી આપવામાં આવી હતી.

. . . . . . . . . .

## JAMNAGAR GAME SHOW

પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલુના માર્ગદર્શન હેઠળ જામનગરમાં મેગા ગેમ શોનું આયોજન કરાયું. જેમાં કરાટે ટ્રેનર દ્વારા 300 બહેનો સમક્ષ સ્વરક્ષણ અંગેનો અદભુત ડેમો રજૂ કરવામાં આવ્યો. કાર્યક્રમમાં વિવિધ રમતોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં તમામ સભ્યોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમને અંતે તમામ વિજેતાઓને ઈનામો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

. . . . . . . . . .